# -: કૌમે યૂનુસ :-

અલ્લાહતઆલા કુરઆનમાં ફરમાવે છે કે, "એવી કોઈ વસ્તી નથી ગુઝરી કે અલ્લાહનો અઝાબ આવતા આવતા ઈમાન લાવી હોય અને એના ઈમાન લાવવાને ફાયદો કીધો હોય, મગર યૂનુસ નબીની કૌમ, જે અઝાબે ઈલાહી આવતા આવતા પણ અલ્લાહ પર ઈમાન લાવી તો હમેં એના પરથી અઝાબને ટાલી દીધો."

અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ના દુશ્મનો પર આપની વલાયત પૈશ કરવામાં આવી મગર એ લોગોએ કુબૂલ ન કીધી યહાઁ તક કે, તેઓને અલમનાક અઝાબ ચાખવો પડો. અઝાબ આવા બાદ કોઈનું ઈમાન મકબૂલ નથી થાતું મગર યુનૂસ નબીની કૌમનું થયું. આ યૂનુસ બિન મત્તા ૩૦ સાલના હતા તે વક્ત અલ્લાહે આપને નૈનવા ગામના નબી બનાવા. આપ મિઝાજના તૈઝ અને તબીઅતના કમ-સબરવાલા હતા. આપે ૩૩ સાલ તક તે નૈનવા ગામના લોગો દરમિયાન દાઅવત કીધી, તમામને ખૂબ સમઝાવા મગર કોઈએ જવાબ ન દીધો. ફક્ત રૂબીલ અને તનૂખાએ દાઅવતે યૂનુસ કુબૂલ કીધી. રૂબીલ આલિમ ફાઝિલ હતા અને તનૂખા આબિદ ઝાહિદ હતા. આખિરકાર કૌમથી તંગ આવીને યૂનુસ નબીએ કૌમ પર બદ-દોઆ કીધી અને સખ્ત અઝાબની માંગની કીધી. અલ્લાહે ફરમાવું કે, "કૌમમાં ઝઈફો, બીમારો, બૈરાઓ અને બચ્ચાઓ છે જે કાબિલે રેહમત છે અને મારી રેહમત મારા ગઝબ પર ભારી છે, સાબિક છે. અય યૂનુસ ! તમેં તમારી કૌમના હાલ પર સબર કરો અને મિસ્લે નૂહ નબી બરદાશ્ત કરો."

યૂનુસ નબી બાર બાર કહેતા રહ્યા કે, "મારી કૌમ મારૂ માને એમ નથી ! તું જલ્દ અઝ જલ્દ અઝાબ નાઝિલ કર." આખિર અલ્લાહે કહ્યું કે, "શહરે શવ્વાલ, ૧૫ મી તારીખ, બુધવારે સૂરજ ઉગતા પહેલા અઝાબ આવશે. મગર અય યૂનુસ ! આ તમારા હક્કમાં બેહતર નથી." યૂનુસ નબીએ રૂબીલ અને તનૂખાને આ વાતની ખબર કીધી. તનૂખા બોલા કે, બેહતર છે, જે લોગોએ બદગુમાની કીધી તેઓને હવે અઝાબ પણ ચાખવા દો. રૂબીલ બોલા કે, અય મૌલા યૂનુસ ! તમેં અલ્લાહને દોબારહ અરઝ કરીને અઝાબને રદ કરાવો. આ બાબત પર ત્રણે સાહબો દરમિયાન કશ-મ-કશ ઘણી થઈ, આખિર યૂનુસ નબીએ અઝાબનું એલાન કીધું તેના બાવુજૂદ કૌમે આપને ઝુટલાવા.

યૂનુસ નબી અને તનૂખા અલગ રાહ પર ચાલા ગયા અને રૂબીલ કૌમને સમઝાવવા લાગા. શવ્વાલની પહેલી તારીખે કૌમના તમામ લોગોને અલ્લાહની બારગાહમાં તન્બીહ અને તૌબા કરવાની તાકીદ કીધી. કૌમના સમઝમાં વાત આવી અને પોતે જે કુફ્ર પર સવાર હતા તે પર નદામત ઝાહિર કીધી અને કૌમે તહે દિલથી તૌબા કીધી. શવ્વાલની ૧૫ મી તારીખ આવી તે પહેલા જંગલમાં જઈને બધા ખૂબ રોયા અને અઝાબ આવવાના દિનનો સૂરજ નીકલે તે પહેલા બેહદ ઈખ્લાસ સાથે અને અલ્લાહ પર તવક્કુલ અને યકીન સાથે દોઆ કીધી. અલ્લાહની રેહમતને જોશ આવો અને ઈસ્રાફીલ ફરિશ્તાને હુકમ કીધો કે, "અઝાબને મૌસુલ ઈલાકાના ઊંચા-ઊંચા પહાડો પર વાલી દે જેથી તે પહાડો લોખંડ મુજબ થઈ જાય અને કૌમે યૂનુસને અઝાબથી બચાવી લે".

ઈસ્રાફીલે હુકમે ઈલાહી પર અમલ કીધો અને કૌમને એના ઈમાન લાવવાના સબબ ફાયદો કીધો. બીજે દિન જુમેરાતે યૂનુસ નબી અને તનૂખાએ આવીને તપાસ કીધી તો કૌમને સહીહો સાલિમ જોઈ. કૌમની આ ખુશહાલી જોઈને યૂનુસ નબી ગુસ્સામાં આવીને કૌમને એના હાલ પર છોડીને ચાલા ગયા. દરિયા કિનારે આવા અને એક કિશ્તીમાં બેસા. કિશ્તી તૂફાનમાં ફસાઈ ગઈ, કરીબ છે કે ડૂબી જાય. કિશ્તીના લોગોને થયું કે, અપને દરમિયાન કોઈ ગુનાહગાર છે તેથી અપની એવી હાલત થઈ છે. પછી કપ્તાને ચીઠ્ઠી નાખી, યૂનુસ નબીના નામ પર ચીઠ્ઠી નીકલી, તો આપને દરિયામાં કુદી જાવું પડું. એક મોટી મચ્છી આપને પૂરા ને પૂરા ગીલી ગઈ, તો નબીયુલ્લાહ યૂનુસ તે મચ્છીના પેટમાં "લા ઈલાહા ઈલ્લા અન્તા સુબ્હાનકા ઈન્ની કુન્તો મિનઝ્ઝાલેમીન," ની તસ્બીહ કીધી તો આપને નજાતી મીલી. ★